GJSK030004432025

દાખલ તારીખ : ૨૫–૦૨–૨૦૨૫
રજીસ્ટર તારીખ : ૨૫–૦૨–૨૦૨૫
ફેંસલ તારીખ : ૨૧–૦૭–૨૦૨૬
અવધિ : –વર્ષ –માસ –દિવસ

**પ્રાંતિજના મે.એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ,મુકામ–પ્રાંતિજ**

ફોજદારી કેસ નં.૩૭૧/૨૦૨૫

આંક :

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી** : સુભાષચંદ્ર જયનારાયણ રોત
રહે.પોહરી( ખાતુરાત),તા.સીમલવાડા,જી.ડુંગરપુર,
રાજસ્થાન.

**ગુન્હો** : **બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪મુજબ...**

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી.વાઘેલા
આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એ.દરબાર

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ તા.૧૬/૧૨/૨૪ ના કલાક–૨૧–૪૫ વાગે મોજે–હિંમતનગર થી પ્રાંતિજ તરફ આવતા ને.હા. નં.૪૮ ઉપર કાટવાડ ચાર રસ્તા નજીક આગમન હોટલ

આગળ પોતાના કબજાની મહીન્દ્રા બોલેરો કાર નં.જી.જે.૯ બી.કે.૧૨૯૧ ના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી સર્વિસ રોડ ઉપર જતી સરકારી એસ.ટી.બસ નં.જી.જે. ૧૮ ઝેડ. ૯૮૦૨ ને ટકકર મારી બસને નુકશાન કરી પોતાના કબજાની બોલેરો ગાડી મુકી નાસી જઈ પો.સ્ટે. જાણ નહી કરી બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

**(૨)** આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થઈ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યા બાદ આરોપીએ આંક–૩ ના નિવેદનમાં આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલો છે. ત્યાર બાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૫ | પંચ સાહેદ ગણપતભાઈ શ્યામલાલ ખટીકની જુબાની |
| (૨) | આંક–૧૩ | પંચ સાહેદ સુરેશજી વજાજી મકવાણાની જુબાની |
| (૩) | આંક–૧૫ | ફરીયાદી નિલેષ કરશનભાઈ વાઢીયાની જુબાની |
| (૪) | આંક–૧૮ | સાહેદ પંકજભારથી છોટુભારથીની જુબાની |
| (૫) | આંક–૧૯ | સાહેદ અશોકકુમાર કેશવલાલ પરમારની જુબાની |
| (૬) | આંક–૨૨ | પંચ સાહેદ હઠીસિંહ માનસિંહ ચૌહાણની જુબાની |
| (૭) | આંક–૨૪ | ત.ક.અ.રાકેશકુમાર જયંતીલાલની જુબાની |

(૮) આંક–૨૭ પંચ સાહેદ ઈશ્વરભાઈ રવાભાઈ પટેલની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૬ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૨) આંક–૧૪ એસ.ટી.બસનું પંચનામું

(૩) આંક–૧૬ ફરીયાદ

(૪) આંક–૨૦ દૈનિક ડયુટી લીસ્ટ

(૫) આંક–૨૧ લોકબુકની નકલ

(૬) આંક–૨૫ એસ.ટી.બસનું ફીટનેસ સર્ટી.

**(૪)** ત્યાર બાદ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં અમો આરોપી તદન નિર્દોષ છીએ અમોને ખોટી રીતે સંડોવી દીધેલ છે. ત્યાર બાદ બંને પક્ષે દલીલો સાંભળી.

**(૫)** કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૬/૧૨/૨૪ ના કલાક–૨૧–૪૫ વાગે મોજે–હિંમતનગર થી પ્રાંતિજ તરફ આવતા ને.હા. નં. ૪૮ ઉપર કાટવાડ ચાર રસ્તા નજીક આગમન હોટલ આગળ પોતાના કબજાની મહીન્દ્રા બોલેરો કાર નં.જી.જે.૯ બી.કે.૧ ૨૯૧ ના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી સર્વિસ રોડ ઉપર જતી સરકારી એસ.ટી.બસ નં.જી.જે.૧૮ ઝેડ. ૯૮૦૨ ને ટકકર મારી બસ ને નુકશાન કરી પોતાના કબજાની બોલેરો ગાડી મુકી નાસી જઈ પો.સ્ટે. જાણ નહી કરી બી.એન.એસ.ની કલમ–૨૮૧તથા

મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>–: કારણો :–</u>**

(૮) **<u>મુદ્દા નંબર–૧ :–</u>**

(૯) આ કામે આંક–૫ થી પંચ સાહેદ ગણપતલાલ શ્યામલાલ ખટીક ને તથા આંક–૨૮ થી પંચ સાહેદ ઈશ્વરભાઈ રવાભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી દોઢેક મહીના પહેલા તેઓને પોલીસે બોલાવેલા અને પોલીસે તેમને લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી. તેમને તા.૧૮/૧૨/૨૪ નું આંક–૬ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.તેમજ પંચનામાની વિગત અંગે તેઓ કંઈ જાણતા નથી.

સદર પંચ સાહેદો તેમની જુબાનીમાં રજુ થયેલ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિધ્વાન એ.પી.પી. શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.સદર પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે.

આ પંચ સાહેદો પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી પોલીસે તૈયાર કાગળ વાંચી સંભળાવેલ નહી તેમની રૂબરૂ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

**(૧૦)** આ કામે આંક–૧૩ થી પંચ સાહેદ સુરેશજી વજાજી મકવાણાને તથા આંક–૨૨ થી પંચ સાહેદ હઠીસિંહ માનસિંહ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે એકાદ મહીના પહેલા તેઓને પોલીસે બોલાવેલા અને પોલીસ તેમને લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી.કાગળોમાં શું લખેલ હતુ તે વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. તેમને તા.૧૬/૧૨/૨૪ નું આંક–૧૪ વાળું એસ.ટી બસનું પંચનામું બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.તેમજ પંચનામાની વિગત અંગે તેઓ કંઈ જાણતા નથી.

સદર પંચ સાહેદો તેમની જુબાનીમાં રજુ થયેલ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિધ્વાન એ.પી.પી. શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.સદર પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે.

આ પંચ સાહેદો પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નહી કે પોલીસે તેમની રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ નહી.

**(૧૧)** આ કામે આંક–૧૫ થી ફરીયાદી નિલેષ કરશનભાઈ વાઢીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હુ છેલ્લા ૭ વર્ષથી ગુજરાત સરકારના એસ.ટી વિભાગમાં ટ્રાઈવર તરીકે નોકરી કરૂ છુ અને જુનાગઢ ડેપોમાં છેલ્લા ૪ વર્ષથી નોકરી કરૂ છુ તે દરમ્યાન તારીખ–૧૫/૧૨/૨૦૨૪ ના રોજ જુનાગઢ થી વાયા અમદાવાદ થઇ વિજયનગર આવવા માટે એસ.ટી સ્લીપર કોચ બસ જેનો રજી નંબર જી જે.૧૮.ઝેડ.૯૮૦૨ ની લઇ હુ તથા કંડકટર પંકજભારથી છોટુભારથી નાઓ

અમારી સાથે હતા અને વિજયનગર ગયા બાદ પાછા જુનાગઢ જવા નીકળેલા તે દીવસે તારીખ–૧૬/૧૨/૨૦૨૪ ના રોજ પ્રાંતિજ પહેલા કાટવાડ ચાર રસ્તા નજીક આગમન હોટલ પાસે અમારુ એસ.ટી બસનુ સ્ટોપેજ હોય ત્યાં જમવા માટે બસ ઉભી રાખેલી અને જમ્યા બાદ આસરે ૯:૪૫ વાગે સાંજે આગમન હોટલથી નીકળી અમદાવાદ તરફ જવા માટે હાઈવે રોડ ઉપર જવા માટે સર્વીસ રોડ ઉપર બસ લઈ જતા હિંમતનગર તરફથી ઓવર બ્રીજ ઉપર એક બોલેરો ગાડી જેનો નંબર જીજે.૦૯.બીકે.૧૨૯૧ ની અમારી બસના જમણી બાજુ આગળના ટાયરના પાછળના ભાગે ટક્કર મારી દીધેલ જેથી અમોએ અમારી બસ સર્વીસ રોડ ઉપર ઉભી રાખેલ અને બસમાં બેસેલ પેસેન્જરોને કોઈ ઈજા થયેલ બાબતે પુછતા કોઈ ઈજા થયેલ ન હતી અને અમો તથા કંડકટર બસમાંથી નીચે ઉતરી જોયેતો બોલેરો ગાડીમાંથી ડ્રાઈવર તેની ગાડી મુકી જતો રહેલો તેની ગાડીમાં બીજા માણસો બેઠેલ હતા અને અમે અમારી બસ જોતા ટાયરને પાછળના ભાગે તથા ચુરીયા ટેન્કનો ગોબો પડી ગયેલો અને પતરુ સામાન્ય વળી ગયેલુ તેમજ બોલેરો ગાડીને ડાબી બાજુ નુકશાન થયેલુ જે અંગે અમોએ એસ.ટી વિભાગ હિંમતનગર ને જાણ કરતા તેઓ ત્યાં આવેલા તે વખતે બોલેરો ગાડીના માણસો ત્યાંથી જતા રહેલા અને અમારા અધીકારીઓ સાથે વાતચીત થયા બાદ અમોએ આ બોલેરો ચાલક વિરુદ્ધ પ્રાંતિજ પો. સ્ટેમાં ફરીયાદ આપેલ.જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૧૬ થી રજુ છે. તેમજ આરોપીને જોયે ઓળખતા હોવાનું જણાવે છે. આરોપી કોર્ટમાં હાજર નથી.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે મારી ફરીયાદ માં બોલેરો ગાડીનો કલર જણાવેલ નથી.કહેવાતા બનાવ સમયે અંધારુ હતુ. ઓચીંતાનો અવાજ આવવાથી મને ખબર પડેલી.

**(૧૨)** આ કામે આંક–૧૮ થી સાહેદ પંકજભારથી છોટુભારથીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હુ છેલ્લા ૧૩ વર્ષથી ગુજરાત સરકારના એસ.ટી વિભાગમાં કંડકટર તરીકે નોકરી કરૂ છુ

અને જુનાગઢ ડેપોમાં નોકરી કરૂ છુ તે દરમ્યાન તારીખ–૧૫/૧૨/૨૦૨૪ ના રોજ જુનાગઢ થી વાયા અમદાવાદ થઇ વિજયનગર આવવા માટે એસ.ટી સ્લીપર કોચ બસ જેનો રજી નંબર જીજે.૧૮.ઝેડ.૯૮૦૨ ની લઈ હુ તથા ડ્રાઇવર નીલેષભાઇ વાઢીયા નાઓ અમારી સાથે હતા અને વિજયનગર ગયા બાદ પાછા જુનાગઢ જવા નીકળેલા તે દીવસે તારીખ–૧૬/૧૨/૨૦૨૪ ના રોજ પ્રાંતિજ પહેલા કાટવાડ ચાર રસ્તા નજીક આગમન હોટલ પાસે અમારુ એસ.ટી બસનુ સ્ટોપેજ હોય ત્યાં જમવા માટે બસ ઉભી રાખેલી અને જમ્યા બાદ આસરે ૯:૪૫ વાગે સાંજે આગમન હોટલથી નીકળી અમદાવાદ તરફ જવા માટે હાઈવે રોડ ઉપર જવા માટે સર્વીસ રોડ ઉપર બસ લઈ જતા હિંમતનગર તરફથી ઓવર બ્રીજ ઉપર એક બોલેરો ગાડી જેનો નંબર જીજે. ૦૯.બીકે.૧૨૯૧ની અમારી બસના જમણી બાજુ આગળના ટાયરના પાછળ ના ભાગે ટક્કર મારી દીધેલ જેથી અમોએ અમારી બસ સર્વીસ રોડ ઉપર ઉભી રાખેલ અને બસમાં બેસેલ પેસેન્જરોને કોઇ ઇજા થયેલ બાબતે પુછતા કોઇ ઇજા થયેલ ન હતી અને અમો તથા ડ્રાઇવર બસમાંથી નીચે ઉતરી જોયેતો બોલેરો ગાડીમાંથી ડ્રાઇવર તેની ગાડી મુકી જતો રહેલો તેની ગાડીમાં બીજા માણસો બેઠેલ હતા અને અમે અમારી બસ જોતા ટાયરને પાછળના ભાગે તથા યુરીયા ટેન્કનો ગોબો પડી ગયેલો અને પતરુ સામાન્ય વળી ગયેલુ તેમજ બોલેરો ગાડીને ડાબી બાજુ નુકશાન થયેલુ જે અંગે અમારી સાથેના ડ્રાઇવર નિલેળભાઇ નાઓએ એસ.ટી વિભાગ હિંમતનગર ને જાણ કરતા તેઓ ત્યાં આવેલા તે વખતે બોલેરો ગાડીના માણસો ત્યાંથી જતા રહેલા અને અમારા અધીકારીઓ સાથે વાતચીત થયા બાદ આ બોલેરો ચાલક વિરુદ્ધ પ્રાંતિજ પો. સ્ટેમાં ફરીયાદ આપેલ. તથા પોલીસે મારુ નિવેદન લીધેલુ. તેઓ આરોપી ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે મારા નિવેદનમાં બોલેરો ગાડીનો કલર જણાવેલ નથી. કહેવાતા બનાવ સમયે અંધારુ હતુ. ઓચીંતાનો અવાજ આવવાથી મને ખબર પડેલી. મને ધડાકો થયો એટલે કહેવાતા બનાવની ખબર પડેલી. ૧૭ તારીખે અમોએ રજા મુકી પોલીસ સમક્ષ આવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે દીવસે

અમો અમદાવાદ મુકામે હતા. અમો અમદાવાદ મુકામે હોવાની હકીકત મારા નિવેદનમાં જણાવેલ નથી. એસ.ટી બસમાં કેટલા પેસેન્જરો બેસેલ હતા તે મારા નીવેદનમાં જણાવેલ નથી.

**(૧૩)** આ કામે આંક–૧૯ થી સાહેદ અશોકકુમાર કેશવલાલ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હુ પ્રાંતિજ મુકામે એસ.ટી. નિગમમાં ડેપો મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. પ્રાંતિજ પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૫૬/૨૦૨૪ ના કામે આ કામના ફરીયાદી અમારા એસ.ટી.નિગમમાં ડ્રાઈર તરીકે ફરજ બજાવતા હોય ફરીયાદના કામે આ કામના ત.ક.અમલદારે એસ.ટી. ડેપોમાંથી તપાસના કામે દસ્તાવેજ મેળવેલ જેમાં ડ્રાઈવરનુ દૈનિક ડયુટી લીસ્ટની પ્રમાણિત નકલ જુનાગઢ વિભાગનું તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજનુ અમારા નિગમ દવારા મોકલાવેલ છે. જેમાં ડેપો મેનેજર વતી આસી.ટ્રાફિક ઈન્સ્પેકટરનાઓની સહી છે. જે હું ઓળખી બતાવુ છું. જેને પુરાવામાં રજુ દાખલ આંક–૨૦ આપવામાં આવે છે તેમજ બનાવમાં અકસ્માત થયેલ બસની લોક બુકની પ્રમાણિત નકલ જે બસનો રજી. નંબર જી.જે.૧૮ ઝેડ ૯૮૦૨ ની આજરોજ હું રજુ કરુ છું. જેમાં ડેપો મેનેજર વતી આસી. ટ્રાફિક ઈન્સ્પેકટરનાઓની સહી છે. જે હું ઓળખી બતાવું છું. જેને પુરાવામાં રજુ દાખલ આંક–૨૧ આપવામાં આવે છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કહેવાતા બનાવની મને જાત માહિતી નથી. સાહેદ જણાવે છે કે, સદર બનાવ અમારી અગાઉના ડેપો મેનેજરના કાર્યકાળમાં બનેલ હોય સદર બનાવ કઈ રીતે બનેલ તે હુ કહી શકુ નહી.

**(૧૪)** આ કામે આંક–૨૪ થી ત.ક.અ. રાકેશકુમાર જયંતીલાલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,વર્ષ ૨૦૨૪ મા અમો પ્રાંતિજ પો.સ્ટે.મુકામ અ.હે.કો તરીકે મોયદ બીટ વિસ્તારમાં

અમો ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧૭.૧૨.૨૪ ના રોજ આ કામના ફરીયાદી નિલેષભાઈ વાઢીયાનાઓએ પ્રાંતિજ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી જે ફરીયાદ મુજબ આ કામના આરોપી તા.૧૬.૧૨.૨૪ ના રોજ મોજે હિંમતનગરથી પ્રાંતિજ તરફ આવતા ને.હા.નં.૪૮ ઉપર આવતા કાટવાડ ચાર રસ્તા નજીક આગમન હોટલ આગળ પોતાના કબ્જાની બોલેરો કાર જી.જે.૦૯.બી.કે.૧૨૯૧ ના ચાલકે પોતાના કબ્જાનુ વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી સર્વિસ રોડ ઉપર જતી સરકારી એસ.ટી.બસ.જી.જે.૧૮.ઝેડ.૯૮૦૨ ને ટકકર મારી બસને નુકશાન કરી પોતાના કબ્જાની બોલેરો ગાડી મુકી નાશી જઈ પો.સ્ટે.જાણ નહી કરી ગુનો કર્યા અંગેની હતી. ત્યાર બાદ ઉપર મુજબની ફરીયાદ પ્રાંતિજ પો. સ્ટ. પી. એસ.ઓ.એ જે ફરીયાદ પાર્ટ.એ.૧૧૫૬/૨૦૨૪ બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪,મુજબનો ગુનો નોંધી આગળની તપાસ અમોને સોપતા અમોએ તપાસ સંભાળી લીધેલ તેમજ આ કામના આરોપીને ગુના અંગેની પુછતાસ કરી નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન્સ મુજબ જામીન ઉપર મુકત કરેલ તેમજ સદર ગુનાવાળી જગ્યાનુ પંચો રૂબરૂનુ પંચોના લખાવ્યા મુજબનુ પંચનામું અમોએ કરી લીધેલ જેમા પંચ નંબર ૧ તરીકે ઈશ્વરભાઈ રવાભાઈ પટેલ તથા પંચ નં.ર ગણભાઈ શ્યામલાલ ખટીકનાઓ હતા ત્યારબાદ સદર બનાવમાં નુકશાન થયેલ સરકારી એસ.ટી.બસ જી.જે.૧૮.ઝેડ.૯૮૦૨ નુ પંચનામું અમોએ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ.જે સદર પંચનામાં મુજબ સદર બસને રૂપિયા બે હજારનું નુકશાન થયેલ ત્યાર બાદ આ કામની લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ ગુનાના કામે જરૂરી દસ્તાવેજો મેળવેલા. જેમાં સદર એસ. ટી.બસનું ફીટનેશ સર્ટીફિકેટ ગુજરાત વાહન વ્યવહારમાંથી મેળવેલ જેની પ્રમાણીત નકલ આજરોજ હુ રજુ કરુ છુ.જે પુરાવામાં રજુ દાખલ આંક.૨૫

આપવામાં આવે છ. ત્યાર બાદ આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામના આરોપી ને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે,કહેવાતા એસ.ટી.બસનું કેટલા પેસેન્જર હતા અને આ પેસેન્જરોને મે આ ગુના કામે નિવેદન લીધેલ નથી.ફરયાદી તથા પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

**-: તારણ :-**

**(૧૫)** ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા. તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતોને નિ:શંકપણે પુરવાર કરવી પડે. જેથી ફરીયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવું જોઈએ કે, આરોપીએ જ ગુનો કરેલ છે અને ફરીયાદ પક્ષને પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદો ને તપાસેલા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદ પક્ષના એકપણ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીઓએ ગુનો કરેલ હોવાનું પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્ર્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે, પરંતુ જો ફરીયાદ પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષ ને મળવાપાત્ર છે.

**(૧૬) કલમ-૨૮૧-** જે કોઈ વ્યકિત જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને ,વ્યથા કે હાની થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી એક પ્રકારની કેદની, અથવા એક હજાર

રૂપીયા સુધીના દંડની, અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે. આરોપી સામે આક્ષેપીત ગુન્હા અન્વયે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ તરફે અકસ્માતના કેસોમાં મુખ્યત્વે નીચે જણાવેલ હકીકતો સાબિત કરવાની હોય છે.

(૧) અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહનનો ચાલક આરોપી હતો.

(૨) અકસ્માત સમયે આરોપીએ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી પૂર્વક હંકારેલ હોવાના કારણે અકસ્માત થયેલ.

**(૧૭)** આ કામે ફરીયાદ પક્ષની હકીકત જોતા આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી સર્વિસ રોડ ઉપર જતી સરકારી એસ.ટી.બસ ને ટકકર મારી બસને નુકશાન કરી પોતાના કબજાની બોલેરો ગાડી મુકી નાસી જવા અંગેનો આરોપ છે. જે અન્વયે ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ પુરાવો ધ્યાને લેતાં,ફરીયાદી કે જેઓ બસના ડ્રાઈવર છે. તેમની જુબાનીમાં જણાવે છે.કે. તારીખ-૧૬/૧૨/૨૦૨૪ ના રોજ પ્રાંતિજ પહેલા કાટવાડ ચાર રસ્તા નજીક આગમન હોટલ પાસે અમારુ એસ.ટી બસનુ સ્ટોપેજ હોય ત્યાં જમવા માટે બસ ઉભી રાખેલી અને જમ્યા બાદ આસરે ૯:૪૫ વાગે સાંજે આગમન હોટલથી નીકળી અમદાવાદ તરફ જવા માટે હાઈવે રોડ ઉપર જવા માટે સર્વીસ રોડ ઉપર બસ લઈ જતા હિંમતનગર તરફથી ઓવર બ્રીજ ઉપર એક બોલેરો ગાડી જેનો નંબર જીજે.૦૯.બીકે.૧૨૯૧ ની અમારી બસના જમણી બાજુ આગળના ટાયરના પાછળના ભાગે ટક્કર મારી દીધેલ.વધુમાં તેમની ઉલટ તપાસમાં જણાવે છે. કે. બનાવ સમયે અંધારુ હતુ. ઓંચીતો અવાજ આવવાથી મને ખબર પડેલી. વધુમાં આકં-૧૮ થી સાહેદ કે જેઓ બસના કંડકટર છે.તેઓ પણ તેઓ પણ તેમની જુબાનીમાં ઉપર મુજબની હકીકત જણાવે છે.તેમજ ઉલટ તપાસમાં બનાવ સમયે અંધારુ હતુ. ઓંચીતો અવાજ આવવાથી મને ખબર પડેલી. તેવી હકીકત જણાવે છે.વધુમાં અન્ય સાહદો એસ.ટી વિભાગના કર્મચારીઓ

છે.કે જેઓએ બનાવ નજરે જોયેલ નથી વધુમાં  હાલના બનાવમાં ફરીયાદ પક્ષે રજુ કરેલ પંચનામાના પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા અને અને ફરીયાદ પક્ષ રજુ કરેલ પંચનામાની હકીકતને સાબીત કરી શકેલ નથી તેમજ ફરીયાદીની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વિકારેલ છે કે, બનાવ સમયે અંધારુ હતુ. ઓંચીતો અવાજ આવવાથી મને ખબર પડેલી. તેમજ કહેવાતા વાહનનો ચેસીસ નંબર કે એન્જીન નંબર કે તેની ઝડપ ફરીયાદમાં જણાવેલ નથી.વધુમાં આ કામે અન્ય કોઈ નજરે જોનાર સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આમ તમામ પુરાવો જોતા આરોપીએ વાહન પુરઝડપે ચલાવી અકસ્માત કરેલ હોય તેવુ સાબીત કરવુ પડે પરંતુ સાહેદોની જુબાની જોતા આરોપીની બેદરકારીથી બનાવ બનેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તથા આરોપી સામેના આક્ષેપીત ગુનાની જોગવાઈ ધ્યાને લેતાં આ કામના આરોપી ઉપરોકત વાહન ગફલત ભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ  તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. વધુમાં આ કામે ફરીયાદી પોતે પોતાની જુબાનીમાં સદર વાહનના ચાલકે પોતાનું વાહન પુરઝડપે, ગફલતભરી અને બેદરકારી રીતે હંકારી હોય તેવી કોઈ જ ફળદાયી હકીકત મળી આવેલ હોય તેવું રેકર્ડ ઉપર લાવેલ નથી. વધુમાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તેમજ આ તમામ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લેવામાં આવે તો પણ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧ મુજબ ના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧ મુજબના ગુના

માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

આમ, આ સંજોગોમાં આરોપીના નોંધવામાં આવેલ નિવેદનમાં જણાવ્યા મુજબનો આક્ષેપીત ગુનો કરેલો હોવાનું શંકાથી પર રહીને સાબીત કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલા ન હોય મુદ્દાનં.૧ નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આ કામના આરોપી સુભાષચંદ્ર જયનારાયણ રોત રહે.પોહરી( ખાતુરાત),તા.સીમલવાડા,જી.ડુંગરપુર,રાજસ્થાનને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૮ (૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન ૭ માસ માટે અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૧/૦૭/૨૦૨૬ **( સ્નેહલ મૃદુલભાઈ શુકલ )**
મુ.પ્રાંતિજ. એડી. ચીફ જયુડી. મેજી., પ્રાંતિજ.
(જજ કોડ–જીજે૦૧૩૮૩)